અપીલ અરજી નં.૧૨૮ તા.૨૦–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પટેલ વશરામભાઈ રામજીભાઈ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)
ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( ટ્રાફિક સેલ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પટેલ વશરામભાઈ રામજીભાઈની તા.૨૦–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) નાયબ પોલિસ કમિશ્નર ટ્રાફિક શાખામાંથી બમ્પ બનાવવા મંજૂરી બાબતે અભિપ્રાય આપ્યા બાદ મોડામાં મોડા કેટલા સમયમાં મ્યુ. કોર્પો. બમ્પ બનાવી આપે તે વિશે માહિતી આપવી વિ. મુદ્દા નં ૧થી ૪ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૨૮/૨૦૧૧–૧૨

શ્રી પટેલ વશરામભાઈ રામજીભાઈની તા.૨૦–૫–૧૧ અરજીથી મુદ્દા નં.(૧) નાયબ પોલિસ કમિશ્નર ટ્રાફિક શાખામાંથી બમ્પ બનાવવા મંજૂરી બાબતે અભિપ્રાય આપ્યા બાદ મોડામાં મોડા કેટલા સમયમાં મ્યુ. કોર્પો. બમ્પ બનાવી આપે તે વિશે માહિતી આપવી વિ. મુદ્દા નં ૧થી ૪ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટે તા.૨૦–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો , વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેઓનો પક્ષ રજુ કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) તથા ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફિક સેલ) તથા અરજદારને અરજી કર્યા બાદ તેઓની જાણ હેઠળ કોઈ તબદીલી થયેલ હોય તો તેની વિગતો જણાવવા તથા અપીલ બાદ અને અપીલીય કાર્યવાહી દરમ્યાન કોઈ પ્રત્યુત્તર મળેલ હોય તો હકીકત મુદ્દાસર જણાવવા અત્રેથી આરટીઆઈ સેલ પત્ર નં. ૩૯૮ તા. ૨૭/૬/૧૧થી પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને તા. ૧/૭/૧૧થી સંકલન વરાછાઝોન તરફથી અરજદારની મુળ અરજીની નકલ તેમજ અરજદારે તા.૨૮/૧/૧૧ના રોજ કાર્યપાલક ઈજનેરને કરેલી અરજી તેમજ તા.૨૯/૧/૧૧ના રોજ નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક શાખા અઠવાને કરેલી અરજીની નકલ તથા વરાછાઝોન તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ /૧૪૩ તા.૨૦/૫/૧૧થી જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ટ્રાફિક સેલને સંપૂર્ણ તબદીલ કર્યા અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે જયારે જાહેર માહિતી અધિકારી ટ્રાફિક સેલ તરફથી પત્ર નં. ટ્રાફિક સેલ આ.નં./૫૭૫ તા ૭/૭/૧૧થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ ,વરાછા ઝોન તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ આ.નં./ ૧૪૩ તા. ૨૦/૫/૧૧ની કાર્યપાલક ઈજનેર ટ્રાફિક સેલને તબદીલ કર્યા અંગેની નકલ તેમજ અરજદારને આપેલી માહિતી અંગે ટ્રાફિક સેલ /આ.નં./ ૪૫૧ તા . ૧૭/૬/૧૧ પત્રની નકલ અત્રે મળેલ છે. અરજદાર તરફથી તા.૨/૭/૧૧નો વિના મૂલ્યે માહિતી આપવાની રજુઆત કરતો પત્ર મળેલ છે.

અરજદારની તા. ૨૦/૫/૧૧ની અરજીથી બમ્પ બનાવવા અંગેની માહિતી માંગતી મુદ્દા નં. ૧ થી ૪ની અરજી જાહેર માહિતી અધિકારી ટ્રાફિક શાખા સુરત મહાનગરપાલિકાને સંબોધતી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ તથા વરાછાઝોન તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ /૧૪૩ તા.૨૦/૫/૧૧થી જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ટ્રાફિક સેલને સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ટ્રાફિક સેલ તરફથી આ.નં.૪૫૧ તા ૧૭/૬/૧૧થી કલમ–૭(૧) સાથે ૭(૩) ની સમય અવધિમાં અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ . અરજદાર તરફથી નિયત સમય અવધિમાં કોઈ નિર્ણય મળેલ નથી તેવું જણાવી તા.૨૦/૬/૧૧ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. અરજદારની અરજીના વિભાગ (અ )મુદ્દા નં. (૧) નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક શાખામાંથી બમ્પ બનાવવા મંજુરી બાબતે અભિપ્રાય આપ્યા બાદ મોડામાં મોડા કેટલા સમયમાં મ્ય.કોર્પો.બમ્પ બનાવી આપે તે વિશે માહિતી આપવી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટ્રાફિક સેલ તરફથીવરાછા ઝોનના બમ્પ નાયબ પોલીસ કમિશ્નર, ટ્રફિક શાખામાંથી બમ્પ બનાવવા બાબતોનો અભિપ્રાય આપ્યા બાદ બમ્પ બનાવવા બાબતે સમયમર્યાદા નિયત કરવામાં આવેલ નથી, પરંતુ બમ્પ બનાવવા બાબતે અત્રેની સમક્ષ સત્તાની મંજુરીની કાર્યવાહી પૂર્ણ કરી તેની જાણ સંબંધિત ઝોનને કરવામાં આવે છે અને જ તે ઝોન ધ્વારા શકય હોય એટલો વહેલો બમ્પ બનાવવામાં આવે છે.તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) આ સાથે જોડેલ બંને અરજીને અનુલક્ષીને બમ્પ બનાવવા પોલીસ ખાતાની ટ્રાફિકશાખાએ કઈ તારીખે બમ્પ બનાવવા મંજુરી બાબતે અભિપ્ર ાય આપ્યો તે વિશે માહિતી આપવી તેમજ અભિપ્રાયના રીપોર્ટની નકલ આપવી તેવા પ્રશન બાબતે જાહેર માહિતી અધિકારી ટ્રાફિક સેલ તરફથી વરાછા ઝોનના બમ્પ બાબતે પોલીસ ખાતાની ટ્રાફિક શાખાએ બમ્પ બનાવવા બાબતે તા. ૨૧/૩/૧૧નાં રોજ અભિપ્રાય આપેલ છે. વધુમાં જણાવવાનું કે , માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ પોલીસ ખાતાનાં અભિપ્રાયની નકલ મેળવવા માટે રૂ.૨/–પ્રતિ પાના દીઠ કુલ્લે–૨ પાનાનાં

રૂ.૪/– નજીકનાં નાગરીક સુવિધા કેન્દ્રમાં ભરપાઈ કર્યે તેની રસીદ અત્રેની કચેરીએ જમા કરાવ્યેથી મેળવી શકાશે તેવું જણાવી પરંતુ અરજદારે નાણાં ભરી માહિતી મેળવેલ છે કે કેમ તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. મુદ્દા નં.(૩) મ્યુ.કોર્પો.ના ટ્રાફિક શાખાએ અભિપ્રાય આપ્યા બાદ કઈ કઈ તારીખે શું શું કાર્યવાહી કરી ? તેમજ મ્યુ.કોર્પો.ના લાગતા વળગતા ઝોને કયારે બમ્પબનાવ્યો ? તે વિશે માહિતી પ્રમાણિત કરીને આપવી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટ્રાફિક સેલ તરફથી વરાછા ઝોનના બમ્પ બાબતે પોલીસ ખાતાની ટ્રાફિક શાખાએ બમ્પ બનાવવા બાબતે મ્યુ. કોર્પો.નાં ટ્રાફિક શાખાએ અભિપ્રાય આપ્યા બાદ સ્થળ તપાસ કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવવા તા.૨૬/૫/૧૧નાં રોજ રીપોર્ટ કર્યો, જેની મંજુરી તા.૩૧/૫/૧૧નાં રોજ મળી અને ત્યાબાદ મળેલ મંજુરીની જાણ કાર્યપાલક ઈજનેરશ્રી, વરાછા ઝોનને તા.૩/૬/૧૧નાં રોજ કરવામાં આવેલ તથા વરાછા ઝોન ધ્વારા તા.૯/૬/૧૧નાં રોજ બમ્પો બનાવવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૪) બમ્પ બનાવવા આટલો બધો વિલંબ શા કારણે થયો તે વિશે માહિતી આપવી તેમજ વિલંબ માટે દોષિત અધિકારીશ્રી પર શા પગલાં લીધા તે વિશે માહિતી આપવી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટ્રાફિક સેલ તરફથી વરાછા ઝોનના બમ્પ બાબતે પોલીસ ખાતાની ટ્રાફિક શાખાએ બમ્પ બનાવવા બાબતે સમગ્ર શહેર વિસ્તારમાંથી અરજીઓ આવતી હોય છે ,જેનો નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ટ્રાફિક) નો અભિપ્રાય મેળવી અત્રેથી સ્થળ નિરીક્ષણ કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સંબંધિત ઝોનને બમ્પનાં મંજુર લોકેશન અંગે સ્કેચ સહિત જાણ કરવામાં આવે છે અને ત્યાબાદ સંબંધિત ઝોન ધ્વારા બમ્પ બનાવવાની કાર્યવાહી કરવામાં આવે છે તેવું જણાવેલ છે. વિભાગ (બ) લેકવ્યુ ગાર્ડન પીપલોદથી ઉધના મગદલ્લા રોડને જોડતા સારૂનગર સોસાયટી પાસે બમ્પ માટેની અરજી કરનાર અરજદારશ્રી શશીકાંતભાઈ બી. પટેલ (પ્રમુખશ્રી સારૂનગર સોસાયટી) ની અરજી અંગે અનુક્રમ નં. ૧થી ૩ અંગેની માહિતી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટ્રાફિક સેલ તરફથી અઠવા ઝોનના (બ) વિભાગની વિગતે મુદ્દા નં. ૧માં અરજી (અ)ના મુદ્દા નં. (૧)નો જવાબ ધ્યાને લેશો.મુદ્દા નં. ૨.અત્રેના ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં પોલીસ ખાતાની ટ્રાફિક શાખાએ બમ્પ બનાવવાની મંજુરી બાબતે અત્રે અભિપ્રાય મોકલેલ નથી. જેથી તાકીદે અભિપ્રાય આપવા યાદપત્ર પાઠવવામાં આવેલ છે. મુદ્દા નં.૩. બમ્પ બનાવવા અંગે પોલીસ ખાતાની ટ્રાફિક શાખાનો અભિપ્રાય આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ અરજદારને વિભાગ (અ) અને (બ)ની માહિતી નિયત સમય અવધિમાં પુરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) ની જોગવાઈ અનુસાર દસ્તાવેજ ફી ના નાણા ભરવા પાઠવેલ પત્ર અને નાણા ભરેલ સમય અવધિ દિન–૩૦ માં ગણાતી ન હોઈ જાહેર માહિતી અધિકારીનો નાણા ભરવા જણાવતો ૨૯ મા દિનનો પત્ર સમય અવધિ હેઠળનો છે. આથી અરજદારની વિના મૂલ્યે માહિતી મેળવવાની રજુઆત ગ્રાહય રાખવાને પાત્ર રહે નહી. આથી આપેલી માહિતીમાં મુદ્દા નં. ૨ અંગેની માહિતી બાબતે કરેલ પ્રસ્તાવ મુજબ નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવાની રહે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૫–૧૧ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં પુરી પાડવામાં આવેલ હોય અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારની અરજીના (અ) વિભાગના મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિમાં માહિતી પુરી પાડેલ હોય માહિતીમાં જણાવેલ પ્રસ્તાવ મુજબ રૂ.૪/– ભરપાઈ કરીને અરજદાર ઈચ્છુક હોય તો માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) અને ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( ટ્રાફિક સેલ) ....જાણ તથા અમલ માટે.

(૨) પટેલ વશરામભાઈ રામજીભાઈ